### પાલનપુર નગરપાલિકા દ્વારા તૈયાર કરેલ

# વિકાસ નકશો ભાજપના વિખવાદમાં અટવાયો

## પાલનપુરવાસી મિલ્કત ખરીદતા ડર અનુભવે છે

પાલનપુર નગરપાલિકા દ્વારા અગાઉ તૈયાર કરવામાં આવેલો વિકાસ નકશો અનેક વિવાદો બાદ ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર દ્વારા રદ કરી દેવાયો છે. પરિણામે પાલિકા દ્વારા ફરી નકશો બનાવવાની કવાયત હાથ ધરાઈ છે. પરંતુ ભાજપના જ સભ્યોના વિખવાદમાં પાલનપુરનો વિકાસ નકશો અટવાયો છે.

પાલનપુર શહેરના લોકોને ફાયદો થાય અને બાંધકામના કામ થઈ શકે તે માટે વિકાસ નકશો મંજુરી માટે મુકવામાં આવ્યો હતો. પરંતુ આ નકશો પાસ કરવા પાછળ મોટી ગેરરીતી થઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેથી શહેર ભાજપ તેમજ નગરપાલિકા પ્રમુખ દ્વારા ભારતીય જનતા પાર્ટીના ઉચ્ચ હોદ્દેદારોને નકશો રદ કરવા રજૂઆત કરવામાં આવી હતી. તે સમયે શહેરમાં વધેલા વિસ્તારનું કારણ દર્શાવી વિકાસ નકશો રદ કરવામાં આવ્યો હતો.

જેથી સામાન્ય ખામીયોનું નિરાકરણ લાવી ફરી નકશાને લઈ બેઠક યોજવામાં આવી હતી. પરંતુ ટી.પીના ચેરમેનની તે સમયે તબિયત બગડી જતા તે બેઠક પણ મોકુફ રખાઈ હતી. આમ ભાજપના અંદરો અંદરના વિખવાદના કારણે શહેરના વિકાસમાં અવરોધ ઉભો થઈ રહ્યો છે. જેના કારણે લોકો જમીન, મકાન કે ફ્લેટ ખરીદતા ડરી રહ્યા છે. તો ભાજપના ઉચ્ચ હોદ્દેદારો વિકાસ નકશામાં પડેલા વિવાદનો અંત લાવી કસુરવાર સામે પગલા ભરી વિકાસ નકશો મંજુર થાય તેવા પ્રયત્નો કરવા લોક માંગ ઉઠી છે.

# અરવલ્લી જિલ્લા સેવાસદનમાં કોરોનાનો પગપેસારો

## મામલતદાર સહીત ત્રણ કર્મી કોરોનાગ્રસ્ત : જનસેવા અને ઈધરા કેન્દ્રનું કામકાજ સ્થગીત

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે, વ્યાપક છૂટછાટ બાદ લોકો માસ્ક પહેરતા નથી અને સોશ્યલ ડિસ્ટન્સ લીરેલીરા ઉડાડતા કોરોના સતત વધી રહ્યો છે. કોરોના સંક્રમણને અટકાવવા તંત્ર નબળું સાબિત થયું છે. અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરી પરિસરમાં આવે મામલતદાર કચેરીના મામલતદાર સહીત ત્રણ કર્મચારીઓને કોરોના પોઝેટીવ આવતા તાત્કાલીક અસરથી જનસેવા કેન્દ્ર અને ઈધરાનું કામકાજ બંધ કરી દેવામાં આવ્યુ છે. જીલ્લા સેવાસદનમાં અરજદારોનો ધસારો રહેતો હોવાથી કામકાજ સ્થગીત કરવાના આવ્યું છે.




જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શહેર અને ગ્રામ્ય મામલતદાર અંતર્ગત જનસેવા કેન્દ્ર કાર્યરત્ છે. મોડાસા શામળાજી રોડ ઉપર આવેલ જિલ્લા સેવાસદનના ભોંયતળિયા ઉપર ચાલતા આ જનસેવા અને ઈધરા કેન્દ્રમાં કામકાજ અર્થે તેમજ એફિડેવીટ કરાવવા માટે, આવકના દાખલ, જાતિના દાખલા વગેરે કાર્યો માટે જિલ્લામાંથી અસંખ્ય નાગરિકો સવારથી ઉમટી પડતા હોય છે. પરંતુ અરવલ્લી જિલ્લામાંને ખાસ કરીને મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ ફરીથી રોકેટગતિએ ફાટી નીકળેલા કોરોના મહામારીનું સંક્રમણ ચિંતાજનક બન્યું છે ત્યારે મામલતદાર સહીત ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમીત થતા અરજદારોમાં ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્રએ મામલતદાર કચેરીને સૅનેટાઈઝ કરી અન્ય કર્મચારીઓના કોરોના રેપિડ ટેસ્ટ કરાવવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા મામલતદાર અરુણદાન ગઢવી અને તેમની પત્ની પણ કોરોના સંક્રમીત થતા મોડાસાની કોવીડ હોસ્પિટલમાં સઘન સારવાર ચાલુ કરી દેવામાં આવી છે.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૧૫ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૪૫૪ એ પહોંચી છે. જયારે કુલ મૃત્યુઆંક ૬૧ પહોંચ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ૧૧ અને વેપારી મથક ડીસામાં ૦૧, દાંતામાં ૦૧, લાખણીમાં ૦૧ અને વાવમાં ૦૧ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૬૪૦ સેમ્પલમાંથી ૧૫ કેસ પોઝેટિવ આવ્યા હતા. જયારે મૃત્યુઆંક ૬૧ એ પહોંચ્યો છે.

# પાલનપુરમાંથી વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

બનાસકાંઠા એલસીબી પી.આઇ એચ.પી.પરમાર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.જી. દેસાઈ સ્ટાફના નરેશભાઈ, દિગ્વિજયસિંહ, મહેશભાઈ, રાજેશભાઇ, દિનેશભાઈ, જયપાલસિંહ, કમલેશભાઈ સહીતનો સ્ટાફ પેટ્રોલિગમાં હતા.તે સમેયે એરોમા સર્કલ નજીક દારૂ ભરેલ કાર આવતી હોવાની બાતમી મળતા વોક ગોઠવી હતી.અને એક શંકાસ્પદ કાર જણાતા તેની તલાશી લેતા કારના ચોરખાનું બનાવેલ હોય જે ચોર ખાનામાંથી ભવિદેશી દારૂની બોટલો નંગ- ૧૧૮ કિંમત રૂપિયા ૨૭,૯૦૫ મળી આવ્યો હતો.જેથી પોલીસે કારની કિંમત રૂપિયા ૪૦,૦૦૦ , મોબાઈલ નંગ- ૧ કી.રૂ,૫,૦૦૦ તથા રોકડ રૂપિયા.૩૫૦ મળી કુલ કિંમત રૂ. ૭૨,૯૫૫નો મુદ્દામાલ સાથે ચાલક હીરાભાઈ દેવાજી માળી રહે. મોરથલ ગોળીયા ડીસા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી પદે અરવલ્લીના સતિષ પટેલની હેટ્રિક

રાજ્ય ભરના શિક્ષકો સહિત સમગ્ર કર્મચારી આલમમાં ભારે ઉત્તેજના જગાવનાર રાજ્ય સંઘની ચૂંટણીનું પરિણામ આખરે જાહેર થયું છે. રાજ્યના કર્મચારીઓના સૌથી મોટા સંગઠન એવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની આગામી ૩ વર્ષની મુદત માટેની પ્રમુખ તથા મહામંત્રીના પદ માટે યોજાયેલ આ ચૂંટણીમાં રાજ્યના દરેક જિલ્લાના પ્રમુખ, મહામંત્રી તથા રાજ્ય પ્રતિનિધિઓ મળી કુલ ૫૦૧ મતદારો પૈકી ૪૯૭ મતદારોએ ગાંધીનગરના ‘ચાણક્ય ભવન’ ખાતે યોજાયેલ ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જ્યારે ૪ મતદારો ગેરહાજર રહ્યા હતા. મતદાનની ટકાવારી ૯૯.૨૦ ટકા જેટલી ઉંચી રહી હતી. મતદારોએ મતદાન શનિવારે સવારથી બપોર સુધી મતદાન પ્રક્રિયાના અંતે બપોર બાદ મતગણતરી હાથ ધરાઈ હતી. આ બાબતે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી આશિષ પટેલના જણાવ્યા પ્રમાણે રાજયના પ્રમુખ/ મહામંત્રીની આ ચૂંટણીમાં કુલ ૪૯૭ મતો પડ્યા હતા. હાઈકોર્ટ મેટરના કારણે અલગ રખાયેલા ૪૦ મતોને બાદ કરતા બાકીના ૪૫૭ મતો પૈકી પ્રમુખપદના ઉમેદવાર દિગ્વિજયસિંહ જાડેજા ( જામનગર)ને ૨૫૨ મતો જ્યારે તેમના પ્રતિસ્પર્ધી ગિરિશ પટેલ (સાબરકાંઠા)ને ૧૯૮ મતો મળતાં પ્રમુખ તરીકે દિગ્વિજયસિંહ જાડેજાનો ૫૪ મતે વિજય થયો હતો. ૭ મતો રદ થયા હતા. એ જ રીતે મહામંત્રીના પદ માટે ૪૫૭ મતોમાંથી સતીશ પટેલ (અરવલ્લી)ને ૨૪૦ જ્યારે તેમના હરીફ ઉમેદવાર નરેન્દ્ર ગોહેલ (અમદાવાદ)ને ૨૧૨ મતો મળતા મહામંત્રી તરીકે સતીશ પટેલનો ૨૮ મતે વિજય થયો હતો. ૫ મતો રદ થયા હતા. રાજયપ્રતિનિધિઓ બાબતે કોર્ટ મેટર થતા બનાસકાંઠાના ૩૧ તથા ગિરસોમનાથ જિલ્લાના ૯ મળી કુલ ૪૦ મતો હાઈકોર્ટની સૂચનાથી અલગ સીલબંધ કવરમાં રખાયા હતા જેની ગણતરી હાલ કરાઈ નથી. ચૂંટણી અધિકારી દ્વારા હાઈકોર્ટના આખરી ચુકાદાને આધિન રહી પરિણામ જાહેર કરાયું હતું. દિગ્વિજયસિંહ જાડેજા તથા સતીષભાઈ પટેલની વર્તમાન ચાલુ પેનલે પરિવર્તન પેનલના ગિરીશ પટેલ તથા નરેન્દ્ર ગોહેલને સતત બીજી વાર હારનો સ્વાદ ચખાડ્યો હતો. આ એમની પેનલની સતત ત્રીજી જીત હતી.



પરિણામ બાદ બન્ને વિજેતા ઉમેદવારોને તેમના ટેકેદારોએ ફૂલહાર પહેરાવી સત્કાર્યા હતા. નવનિયુક્ત પ્રમુખ તથા મહામંત્રીએ પોતાની પેનલને વિજયી બનાવી પુનઃ તેમનામાં વિશ્વાસ મૂકવા બદલ સર્વે મતદારોનો આભાર માન્યો હતો અને આગામી સમયમાં સૌના સહિયારા પ્રયાસો વડે રાજ્યના પ્રાથમિક શિક્ષકોના બાકી પડતર પ્રશ્નોના ઉકેલ માટે પૂરા પ્રયાસો કરાશે તેવી ખાતરી ઉચ્ચારી હતી તેવું અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી આશિષ પટેલે અને મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી જીજ્ઞેશ ગોર તથા ભિલોડા તાલુકા પ્રમુખ જગદીશ ખરાડીએ જણાવ્યું હતું.

# નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી સાબરકાંઠા એસઓજી પોલીસ

હિંમતનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને સાબરકાંઠા એસઓજી પોલીસે ઝડપી લીધો છે.

ગાંધીનગર ડિવિઝનના પોલીસ મહાનીરીક્ષક અજય ચુડાસમાએ પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલીકે નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા સૂચના આપી હતી. આ અન્વયે સાબરકાંઠા એસઓજીના પીઆઈ વાય.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. એ.વી. જોષી તથા સ્ટાફના માણસો ભાવેશકુમાર રામજીભાઈ, રાજુભાઈ જયરામભાઈ, મહેન્દ્રસિંહ ભૈરવસિંહ, ભાવેશકુમાર પશાભાઈ, નિકુંજકુમાર નરસિંહભાઈ વગેરે પેટ્રોલીંગમાં હતા ત્યારે ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી કમલેશ ઉર્ફે કલ્પેશ બચુભાઈ નીનામા હિંમતનગર બસ સ્ટેશન પાસે ઉભો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે તેની ધરપકડ કરવામાં આવી છે. આગળની કાર્યવાહી માટે તેને હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે.

# અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે શ્રધ્ધેય સ્વ. કેશુભાઈ પટેલને શ્રધ્ધાંજલિ કાર્યક્રમ

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ભીખુસિંહ પરમાર, મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, શહેર પ્રમુખ જગદીશ ભાવસાર તમામ મંડલ-મોરચાના હોદ્દેદારો આગેવાનો ઉપસ્થીત રહ્યા અને તેઓના જીવન કવન વિશેની વાત કરી મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી...

# ડીસાના મુખ્ય માર્ગોનું ફરી ખોદકામ

## ઉડતી ધૂળથી વાહનચાલકો અને રાહદારીઓની હાડમારીમાં વધારો

ડીસા, તા. ૨

કોરોના મહામારી વચ્ચે પણ ડીસાના મુખ્ય માર્ગોને ફરી આડેધડ ખોદી દેવામાં આવતા વાહનચાલકો સહિત રાહદારીઓની હાડમારીઓમાં વધારો થયો છે.

ડીસામાં છેલ્લા ત્રણ માસથી બંધ પડેલી ભુગર્ભ ગટરની કામગીરી એકાએક પુરજોશમાં શરૂ કરવામાં આવી છે અને મુખ્ય માર્ગોની કામગીરીના પગલે ડીસાના મોટાભાગના મુખ્ય માર્ગો ઉપર ખોદકામ કરી દેવામાં આવ્યું હતું અને કામગીરી પૂર્ણ થયા બાદ આ માર્ગો ઉપર ફરીથી સમારકામ કરવાની જગ્યાએ તેના ઉપર માટી નાખી દેવામાં આવી હતી જેથી દિવસ દરમિયાન સતત વાહનોની અવરજવરના કારણે માટી અને ધૂળ ઉડતા વાતાવરણ ધુળિયું બની જતા શહેરમાં વસતા એલર્જી અને શ્વાસના દર્દીઓ માટે ભારે મુશ્કેલી સર્જાઈ હતી. જોકે ત્યારબાદ સતત મીડિયાના અહેવાલ



પ્રકાશિત થતા નગરપાલિકા દ્વારા આ માર્ગો ઉપર દિવસ દરમિયાન પાણી છાંટવામાં આવતા સતત ઉડતી ધૂળ બંધ થઈ જતા શહેરીજનોને મહદઅંશે રાહત મળી હતી, પરંતુ ત્યારબાદ ફરીથી ડીસાના જલારામ મંદિરથી બગીચા સુધીના મુખ્ય માર્ગનું ખોદકામ શરૂ કરી દેવામાં આવતા વાહનચાલકો માટે ભારે મુશ્કેલી સર્જાઈ છે. એક તરફ નવરાત્રી અને દિવાળીનો માહોલ હોઈ ગ્રામ્ય વિસ્તારોમાંથી બજારો તરફ લોકો ખરીદી માટે ઉમટી પડતા બજારોમાં ભીડ પણ વધી જવા પામી છે, સતત વાહનોની અવરજવરના કારણે ટ્રાફિક જામ થઈ જતા ભારે મુશ્કેલી ઉભી થતી હતી તેમજ વાહનચાલકોને અકસ્માતનો પણ ભય સતાવી રહ્યો છે એટલું જ નહીં શહેરનું વાતાવરણ ધુળિયું બની ચૂક્યું છે. સતત તહેવારો ટાણે ઉડતી ધૂળના કારણે રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે. રોડ ઉપર સતત ધૂળ ઉડતા સમગ્ર વાતાવરણ ધુળિયું બની જાય છે. શિયાળાના આગમન ટાણે ડીસાવાસીઓની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે તેથી ડીસાવાસીઓમાં સવાલ ઉઠી રહ્યા છે કે એક તરફ ભૂગર્ભ ગટરની કામગીરી પૂર્ણ થયા બાદ પણ વારંવાર આ માર્ગો ક્યાં કારણોસર ખોદી દેવામાં આવી રહ્યા છે ? પ્રજાની સતત હેરાનગતિ સાથે પૈસાનું પણ પાણી થઈ રહ્યું હોવાની ચર્ચાઓ પણ ચોમેર ઉઠવા પામી છે.



**ડીસામાં શરદ પૂનમની ઉજવણી...**

ડીસામાં આવેલ રેલવે સ્ટેશન વિસ્તારના વિશ્વકર્મા નગરમાં શરદ પૂનમ નિમિત્તે ભવાની મિત્ર મંડળ દ્વારા સરકારની ગાઈડલાઈન મુજબ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહા આરતી બાદ પ્રસાદમાં ભાવિક ભાઈ- બહેનોને દૂધ પૌંઆનુ વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો સોસાયટીમાં રહેતા લોકોએ લાભ લઈ દૂધ પૌઆની મોજ માણી શરદ પૂનમની ઉજવણી કરી હતી.

# શામળાજીના વેણપુર નજીક રાજસ્થાની યુવકની હત્યા કરી મૃતદેહ ફેંકી દેવાતા ચકચાર

## યુવક શિક્ષિકા પત્ની સાથે હિંમતનગર રહેતો હતો

શામળાજી, તા. ૨

અરવલ્લી જીલ્લામાં અસામાજિક તત્વો બેફામ બન્યા હોય તેવા દ્રશ્યો જોવા મળતા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થીતી સામે અનેક સવાલો પેદા થયા છે. રાજસ્થાનના અને સાબરકાંઠાના હિંમતનગર ખાતે શિક્ષીકા પત્ની સાથે રહેતા યુવકની હત્યા કરાયેલ હાલતમાં લાશ શામળાજી વેણપુર ગામ નજીકથી મળી આવતા ભારે ચકચાર મચી હતી. યુવકની હત્યાના પગલે પત્ની અને પરિવારજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા, વેણપુર ગામ નજીકથી યુવકની લાશ મળી આવતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજસ્થાન વીંછીવાડા તાલુકાના ચુંડાવાડા ગામનો યુવક લક્ષ્મણ મનજીભાઈ ગામેતી તેની પત્ની સંગીતાબેન ગામેતી સાબરકાંઠા જીલ્લામાં પ્રાથમિક શિક્ષિક તરીકે ફરજ બજાવતી હોવાથી હિંમતનગર શહેરની ઈંદ્રનગર-ગોકુલનગર સોસાયટીમાં રહે છે. શનિવારે ઘરેથી કામકાજ અર્થે નીકળ્યા બાદ બપોરે લક્ષ્મણ ગામેતીની લાશ શામળાજી નજીક આવેલા વેણપુર ગામ પાસેથી મળી આવી હતી. લાશને જોતા યુવકને માર મારી હત્યા કરી નાખવામાં આવી હોવાનું જણાઈ આવતા પત્ની સહીત પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભારે આક્રંદ કરી મૂક્યું હતું. યુવકને માર મારી મોતને ઘાટ ઉતારતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શામળાજી પોલીસે મૃતક યુવકની પત્ની સંગીતાબેન લક્ષ્મણભાઈ ગામેતીની ફરિયાદના આધારે અજાણ્યા ઈસમો સામે ઈપીકો કલમ-૩૦૨, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



### ધનસુરાના દોલપુર દૂધ મંડળીના ચેરમેન તરીકે બિનહરીફ વરણી

ધનસુરા તાલુકાના દોલપુર ગામની દૂધ મંડળીમાં ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. દોલપુર દૂધ મંડળીમાં ચેરમેને



તરીકે નટુભાઈ દેસાઈની દોલપુર દૂધ મંડળીમાં બિનહરીફ વરણી કરવામાં આવી હતી. નટુભાઈ દેસાઈ ભેંસાવાડા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ છે તેમની દોલપુર દૂધ મંડળીમાં ચેરમેન તરીકે બિનહરીફ વરણી થતા અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજના અમીનપુર ગામની સીમમાં વિજ કરંટ લાગતા સગીર વયના કામદારનું મોત

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અમીનપુર ગામની સીમમાં વિજકરંટ લાગતા સગીર વયના કામદારનું વિજકરંટથી મોત નિપજ્યું હતું. વિજકંપનીના કોન્ટ્રાક્ટર દ્વારા બાળ મજુર રાખીને સરકારના કાયદાનું એસી કી તૈસી ઉલ્લઘન કરવાની ઘટના પણ સામે આવી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પ્રાંતિજના અમીનપુર ગામની સીમમાં અમીનપુરથી પલ્લાચર ગામ તરફ જવાના માર્ગ ઉપર તા. ૨૮-૧૦-૨૦૨૦ને બપોરના ત્રણ કલાકે વિજ કોન્ટ્રાક્ટર દ્વારા વિજ પોલ નાખવા આવેલ કોન્ટ્રાક્ટરની ટીમ દ્વારા વિજપોલ ઉભા કરતી વખતે તે સમયે બાજુમાંથી પસાર થતી હેવી વિજ લાઈનના વાયરોને વિજ પોલ અડી જતાં વીજ કરંટ લાગતા કોન્ટ્રાક્ટરની ટીમમાં કામ કરતો સગીર વયનો બાળ મજુર અતુલ પરબતભાઈ સફરાભાઈ પાદરીયા રહે. ભુવર પાદરીયા ફળિયું તા. માંરવા, જિલ્લો પંચમહાલ હાલ રહે. ઉછા કે જેને વિજ કરંટ લાગતા તેનું મોત નિપજ્યું હતું. બીજી બાજુ કોન્ટ્રાક્ટરની બેદરકારી અને સગીર વયના બાળકને નોકરી રાખીને બાળ મજુર કાયદાનું ઉલ્ઘન કર્યુ છે અને નોકરી રાખીને ગુનો કર્યો છે તો બીજી બાજુ કોન્ટ્રાક્ટર દ્વારા કોઈપણ સ્થળ ઉપર કામ કરતા કામદારોને સેફટી સહિતના સાધનો પણ આપવામાં આવ્યા ના હોવાના કારણે એક બાળ મજુર યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. મૃતક બાળ મજુરને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો, હાલ તો વિજકંપનીના કોન્ટ્રાક્ટરની લાપરવાહીને લઈને એક સગીર વયના કામદાર બાળ મજુરે જીવ ગુમાવ્યો છે.

આ અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પર્વતભાઈ સુરશભાઈ પાદરીયા ઉ. વર્ષ-૪૨, ધંધો ડ્રાયવીંગ તથા ખેતી રહે. ભુવર પાદરીયા ફળિયું તા. મોરવા જીલ્લો પંચમહાલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરવામાં આવતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ. વાઘેલા દ્વારા હાથ ધરવામાં આવી છે.